# પ્રસાર ભારતી

## નેશનલ સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

તારીખ : 15-06-2024 બપોરે : 1.20થી 1.30

વાર : શનિવાર

આકાશવાણી સમાચાર **ચૈતાલી જોશી** વાંચે છે.

---

- ✓ પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી 18 જૂને નવ કરોડથી વધુ ખેડૂતોનાં ખાતામાં રૂપિયા 20 હજાર કરોડ ટ્રાન્સફર કરશે...
- ✓ ઇટલીમાં આયોજીત જી-7 શિખર સંમેલનમાં  ભાગ લઇ પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી સ્વદેશ પરત ફર્યા ..સમિટમાં પ્રધાનમંત્રીએ વિકસિત ભારતનો સંકલ્પ દોહરાવ્યો..
- ✓ દિલ્હીમાં જળસંકટને લઇને ભાજપનું આમ આદમી પાર્ટી સરકાર સામે મટકા ફોડ આંદોલન.. મંત્રી આતિશીના ઘરની બહાર ભાજપે માટલા ફોડ્યા...
- ✓ ભારતની વિદેશી હૂંડિયામણની અનામત ચાર અબજ ડોલર વધીને 655 અબજ ડોલરની નવી ઊંચાઇએ..
- ✓ ટી-20 વિશ્વકપમાં આજે ભારતનો કેનેડા સામે મુકાબલો..... આજે સવારના રોમાંચક મૂકાબલામાં દક્ષિણ આફ્રિકાએ નેપાળને એક રને હરાવ્યું..

---

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણી પરથી  સમાચાર પૂરા થયા)

## *AGRI- SHIVRAJ*

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી PM-કિસાન સન્માન નિધિ યોજના હેઠળ 18મી જૂને નવ કરોડ ત્રણ લાખ ખેડૂતોના ખાતામાં લગભગ 20 હજાર કરોડ રૂપિયા ટ્રાન્સફર કરશે. નવી દિલ્હીમાં મીડિયાને સંબોધતા કેન્દ્રીય કૃષિ અને ખેડૂત કલ્યાણ મંત્રી શિવરાજ સિંહ ચૌહાણે જણાવ્યું કે, છેલ્લા દસ વર્ષમાં અત્યાર સુધીમાં 11 કરોડ ખેડૂતોના ખાતામાં ત્રણ લાખ કરોડ રૂપિયા ટ્રાન્સફર કરવામાં આવ્યા છે.

શ્રી ચૌહાણે કહ્યું કે, કૃષિ અને ખેડૂત કલ્યાણ મંત્રી તરીકેનો કાર્યભાર સંભાળ્યા પછી, તેઓ મંત્રાલયના અધિકારીઓ સાથે ખેડૂતોના કલ્યાણ સાથે સંબંધિત દરેક મહત્વપૂર્ણ મુદ્દા પર ચર્ચા કરી રહ્યા છે અને કામ કરી રહ્યા છે. શ્રી ચૌહાણે જણાવ્યું હતું કે તેમણે નવી સરકારની સો દિવસીય યોજના હેઠળ તેમના મંત્રાલયની કાર્ય યોજનાની પણ સમીક્ષા કરી છે.

## *PM RETURN*

પ્રધાનમંત્રી  નરેન્દ્ર મોદી, આજે વહેલી સવારે ઈટલીમાં જી-7 સમિટમાં ભાગ લીધા બાદ, સ્વદેશ પરત ફર્યા હતા. જી-7 સમિટના આઉટરીચ સત્રમાં તેમના સંબોધનમાં પ્રધાનમંત્રી મોદીએ, વૈશ્વિક મુદ્દાઓ સિવાય વિકસિત ભારતનું નિર્માણ કરવાની તેમની પ્રતિબદ્ધતાનો પુનરોચ્ચાર કર્યો હતો.

## *PM ITLY*

જી-7 બેઠક દરમિયાન  પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ ઇટાલીના સમકક્ષ જ્યોર્જિયા મેલોની સાથે દ્વિપક્ષીય બેઠક યોજી હતી. બંને નેતાઓએ દ્વિપક્ષીય સંરક્ષણ અને સુરક્ષા સહયોગ અંગે ચર્ચા કરી હતી.. સંરક્ષણ ઔદ્યોગિક સહયોગને વધુ સદ્રઢ

બનાવવાની આશા વ્યક્ત કરી હતી. તેઓએ ભારત-ઇટાલી વ્યૂહાત્મક ભાગીદારીની પ્રગતિની સમીક્ષા કરી.

## *DELHI- WATER- BJP-CONGRESS*

દિલ્હીમાં ચાલી રહેલા જળ સંકટ ને  લઈને  ભાજપે આજે દિલ્હીના જળ મંત્રી આતિષીના ઘરની બહાર દિલ્હી સરકાર વિરુદ્ધ 'મટકી ફોડ' વિરોધ પ્રદર્શન કર્યું હતું. દિલ્હી ભાજપના કાર્યકર્તાઓ અને વિરોધીઓએ આરોપ લગાવ્યો કે સરકારના ગેરવહીવટને કારણે લોકોને પાણીની સમસ્યાનો સામનો કરવો પડી રહ્યો છે. તેઓએ કહ્યું કે સરકાર શહેરમાં પાણીની કટોકટીનો પ્રશ્ન હલ કરવામાં નિષ્ફળ રહી છે.

આ સંદર્ભમાં કોંગ્રેસ પણ દિલ્હીમાં 280 સ્થળોએ દિલ્હી સરકાર વિરુદ્ધ 'મટકી ફોડ' વિરોધ પ્રદર્શન કરી રહી છે. વિરોધ પ્રદર્શન દરમિયાન દિલ્હી કોંગ્રેસના અધ્યક્ષ દેવેન્દ્ર યાદવના નેતૃત્વમાં પ્રદર્શનકારીઓએ દિલ્હીના મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલનું રાજીનામું માંગ્યું હતું.

## *RIJJU PARLIAMENT*

18મી લોકસભાનું પ્રથમ સંસદીય સત્ર આ મહિનાની 24મી તારીખથી શરૂ થવા જઇ રહ્યું છે. ત્યારે સંસદીય બાબતોના મંત્રી કિરેન રિજિજુએ આજે કહ્યું હતું કે સરકાર સંસદને સુચારૂ રીતે ચલાવવા માટે તમામ રાજકીય પક્ષો અને સભ્યો સાથે મળીને કામ કરવા માટે આતુર છે. પ્રથમ સત્રના મહત્વ પર પ્રકાશ પાડતા, શ્રી રિજિજુએ કહ્યું કે પ્રથમ સત્રમાં નવા ચૂંટાયેલા સભ્યો માટે શપથ લેવાનો અને લોકસભાના સ્પીકરની ચૂંટણી અને પછી સંસદના બંને ગૃહોને રાષ્ટ્રપતિનું સંબોધન કરાવવાની પરંપરા છે.

અમારા સંવાદદાતા જણાવે છે કે 18મી લોકસભા ચૂંટણી પછી રાજ્યસભાનું પ્રથમ સત્ર આ મહિનાની 27મી તારીખે શરૂ થશે. બંને ગૃહોના સત્ર 3જી જુલાઈના રોજ પૂરા થશે.

## *JHARKHAND GOVT ON FARMER*

ઝારખંડ સરકારે રાજ્યના 1 લાખ 91 હજારથી વધુ ખેડૂતોને રાહત આપી છે.સરકારે ખેડૂતો માટે  2 લાખ રૂપિયા સુધીની કૃષિ લોન માફ કરવાનો નિર્ણય લીધો છે. ઝારખંડના કૃષિ પ્રધાન બાદલ પત્રલેખે સ્ટેટ લેવલ બેંકર્સ કમિટીના અધિકારીઓ સાથેની બેઠકમાં બેંકોને લોન માફી માટે પ્રસ્તાવ રજૂ કરવા જણાવ્યું હતું. કૃષિ મંત્રીએ કહ્યું કે 31 માર્ચ, 2020 સુધી ખેડૂતો દ્વારા લેવામાં આવેલી 50,000 થી 2 લાખ રૂપિયા સુધીની લોન વન-ટાઇમ સેટલમેન્ટ દ્વારા માફ કરવામાં આવશે. તેમણે એમ પણ ઉમેર્યું હતું કે, 2021-22માં રાજ્ય સરકારે 50 હજાર રૂપિયા સુધીની પાક લોન માફીની જાહેરાત કરી હતી.

## *ARUNDHTI ROY*

દિલ્હીના લેફ્ટનન્ટ ગવર્નર વિનય કુમાર સક્સેનાએ લેખિકા અરુંધતી રોય સામે ગેરકાયદેસર પ્રવૃત્તિઓ નિવારણ અધિનિયમ (UAPA) હેઠળ કાર્યવાહી કરવાની મંજૂરી આપી છે.  કાશ્મીરની સેન્ટ્રલ યુનિવર્સિટીના ભૂતપૂર્વ પ્રોફેસર ડૉ. શેખ શોકત હુસૈન સાથે 2010 માં નવી દિલ્હીમાં કથિત 'ઉશ્કેરણીજનક' ભાષણ માટે UAPA ની હેઠળ કાર્યવાહી માટે મંજૂર કરવામાં આવી છે.

## *INDIA FOREX*

ભારતનું વિદેશી હુંડીયામણ  7 જૂનના રોજ પૂરા થયેલા સપ્તાહમાં 4.307 અબજ યુએસ ડૉલર વધીને 655.817 અબજ ડૉલરની નવી ટોપ પર પહોંચ્યું છે. અગાઉના રિપોર્ટિંગ સપ્તાહમાં કીટી 4.837 બિલિયન ડૉલર વધીને 651.51 બિલિયન ડૉલર થઈ હતી. છેલ્લા કેટલાક અઠવાડિયામાં આ  અનામતમાં નોંધપાત્ર  ઉછાળો જોવા મળ્યો છે.

## *MEA SBI*

વિદેશ મંત્રાલય અને ભારતીય સ્ટેટ બેંકે  મહત્વપૂર્ણ કરાર પર હસ્તાક્ષર કર્યા છે. જેમાં  ભારતીય સ્થળાંતર કામદારો, ભરતી એજન્ટો અને eMigrate પોર્ટલના અન્ય વપરાશકર્તાઓને વધારાની ડિજિટલ ચુકવણી સેવાઓ પ્રદાન કરવા કરાર કર્યા છે. આ પહેલના અમલીકરણ દ્વારા, તમામ ભારતીય બેંકોની નેટ બેંકિંગ દ્વારા UPI, ક્રેડિટ અથવા ડેબિટ કાર્ડ્સ અને NEFT દ્વારા ચૂકવણી માટે NIL ટ્રાન્ઝેક્શન ચાર્જ સાથે વિવિધ સ્થળાંતર-સંબંધિત ફીની ચુકવણી શક્ય બનશે. મંત્રાલયે આજે એક નિવેદનમાં જણાવ્યું હતું કે આ સમજૂતી  સ્થળાંતર કામદારોના સલામત અને કાનૂની સ્થળાંતરની મર્યાદાને વધુ સરળ બનાવશે અને વધારશે. eMigrate પોર્ટલ સાથે SBIePay ના સફળ સંકલન પછી આ કરાર ટૂંક સમયમાં કાર્યરત થશે.

મંત્રાલય વતી સંયુક્ત સચિવ  બ્રમ્હા કુમાર અને SBIના જનરલ મેનેજર  દ્વારા નવી દિલ્હીમાં એમઓયુ પર હસ્તાક્ષર થયા હતા.

## *DAY HAJ-CLIMAX*

ભારત સહિત વિશ્વભરમાંથી 20 લાખથી વધુ લોકો આજે સાઉદી અરેબિયામાં હજ કરી રહ્યા છે. ગઈકાલે પાંચ દિવસીય હજયાત્રાની શરૂઆત થતા હજ યાત્રીઓએ મીના ખાતે રાત્રિ રોકાણ કર્યું હતું.

આ વર્ષની હજ યાત્રામાં ભારતમાંથી એક લાખ 75 હજારથી વધુ શ્રદ્ધાળુઓ ભાગ લઈ રહ્યા છે. તેમાંથી એક લાખ 40 હજાર યાત્રિકો હજ કમિટી ઓફ ઈન્ડિયા દ્વારા જ્યારે લગભગ 35 હજાર ખાનગી ઓપરેટરો દ્વારા ત્યાં ગયા છે. આ વર્ષે પાંચ હજારથી વધુ ભારતીય મહિલા હજયાત્રીઓ મેહરમ કે પુરૂષ વાલી વગર હજ કરી રહી છે.

## *ICC T-20 WORLD CUP*

ICC મેન્સ T20 વર્લ્ડ કપમાં દક્ષિણ આફ્રિકાએ આજે સવારે વેસ્ટ ઈન્ડિઝના કિંગ્સટાઉનમાં છેલ્લી ઓવરની રોમાંચક મેચમાં નેપાળને એક રનથી હરાવ્યું હતું. આ પહેલા નેપાળે ટોસ જીતીને બોલિંગ પસંદ કરી હતી. 116 રનના ટાર્ગેટ હાંસલ  કરવા ઉતરેલી નેપાળની ટીમ 20 ઓવરમાં 7 વિકેટ ગુમાવીને 114 રન બનાવી શકી હતી. પ્રથમ બેટિંગ કરતા દક્ષિણ આફ્રિકાએ નિર્ધારિત 20 ઓવરમાં 7 વિકેટે 115 રન બનાવ્યા હતા.

આજે ભારત, ફ્લોરિડાના સેન્ટ્રલ બ્રોવર્ડ પાર્ક સ્ટેડિયમમાં IST રાત્રે 8 વાગ્યે તેની છેલ્લી ગ્રુપ સ્ટેજની મેચમાં કેનેડા સામે ટકરાશે.

અગાઉ, યુએસએએ ગઈકાલે લોડરહિલના સેન્ટ્રલ બ્રોવર્ડ પ્રાદેશિક પાર્ક સ્ટેડિયમમાં સતત વરસાદને કારણે આયર્લેન્ડ સામેની તેમની નિર્ણાયક ગ્રૂપ A મેચ રદ કર્યા પછી સુપર આઠ તબક્કામાં પ્રવેશીને ઇતિહાસ રચ્યો હતો.

## *DAY. TENNIS- PERUGIA CHALLENGER*

ભારતના એન. શ્રીરામ બાલાજી અને જર્મનીના આન્દ્રે બેગેમેને એટીપી ચેલેન્જર ટેનિસ ટૂર્નામેન્ટ ની  મેન્સ ડબલ્સની ફાઇનલમાં પ્રવેશ કર્યો છે. ઇટાલીના પેરુગિયામાં આજે સાંજે રમાનારી ફાઇનલમાં ઈન્ડો-જર્મન જોડી ટોચના ક્રમાંકિત

મેક્સિકોના મિગુએલ એન્જેલ રેયેસ-વારેલા અને આર્જેન્ટિનાના ગિડો એન્ડ્રીઓઝી સામે રમશે. અગાઉ, અખિલ ભારતીય ટેનિસ એસોસિએશને ગુરુવારે પુષ્ટિ કરી હતી કે બાલાજી આગામી પેરિસ ઓલિમ્પિકમાં પુરુષોની ડબલ્સમાં અનુભવી રોહન બોપન્ના સાથે જોડી બનાવશે.

## *EURO CUP*

જર્મનીમાં યુરો કપ-2024નો શાનદાર પ્રારંભ થયો હતો.. પ્રારંભિક મેચમાં યજમાન જર્મનીએ શુક્રવારે સ્કોટલેન્ડને 5-1થી હરાવીને, યુરો 2024ની શાનદાર શરૂઆત કરી હતી.ફ્લોરિયન વિર્ટ્ઝે મેચની 10મી મિનિટે ટીમ માટે પ્રથમ ગોલ કર્યો હતો. માત્ર 9 મિનિટ બાદ જમાલ મુસિયાલાએ, બીજો ગોલ કરીને જર્મનીની લીડને બમણી કરી દીધી હતી.

હાફ ટાઈમ પહેલા, રેયાન પોર્ટિયસને ભૂલ બદલ લાલ કાર્ડ બતાવવામાં આવ્યું હતું અને જર્મનીને પેનલ્ટી પણ આપવામાં આવી હતી. જેને કાઈ હૈવર્ટ્ઝે ગોલમાં ફેરવીને, જર્મનીને 3-0ની લીડ અપાવી હતી.

બીજા હાફની મધ્યમાં અવેજી તરીકે આવ્યા બાદ નિકોલસ ફુલક્રગે, જર્મની માટે ચોથો ગોલ કર્યો. જો કે એન્ટોનિયો રુએડીગરે 87મી મિનિટે પોતાના ગોલથી સ્કોટલેન્ડનું ખાતું ખોલ્યું અને સ્કોર 4-1 થઈ ગયો.

મેચના વધારાના સમયમાં, અવેજી ખેલાડી એમરે કેને 20 યાર્ડના અંતરેથી શાનદાર ગોલ કરીને જર્મનીની 5-1થી જીત અપાવી હતી.

## *MUMBAI-MIFF (WITH V/C)*

મુંબઈ ઈન્ટરનેશનલ ફિલ્મ ફેસ્ટિવલ - MIFF 2024 ની 18મી આવૃત્તિ નો આજે સાંજે 4  વાગ્યે મુંબઈ ના ફિલ્મ્સ ડિવિઝન પરિસરમાં આરંભ થશે .ઉલ્લેખનીય છે કે, દિલ્હી, કોલકાતા, પુણે અને ચેન્નાઈમાં પણ સમાંતર સ્ક્રિનિંગ યોજાશે, જે સમગ્ર

દેશમાં પ્રેક્ષકો સુધી ફેસ્ટિવલની પહોંચને વિસ્તૃત કરશે. આ ચાર શહેરો પણ રેડ-કાર્પેટ ઇવેન્ટ્સના સાક્ષી બનશે.

## *DELHLI SUNITA DELHI HC*

દિલ્હી હાઈકોર્ટે દિલ્હીના મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલનાં પત્ની સુનીતા કેજરીવાલ અને અન્ય પાંચ લોકોને સોશિયલ મીડિયા પર પોસ્ટ કરેલા કોર્ટની કાર્યવાહીનો વીડિયો હટાવવાનો નિર્દેશ આપ્યો છે. વીડિયોમાં કેજરીવાલને કથિત દારૂ નીતિ કૌભાંડના સંબંધમાં એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટ દ્વારા ધરપકડ કર્યા પછી 28 માર્ચે રાઉઝ એવન્યુ કોર્ટને સંબોધતા દર્શાવવામાં આવ્યા હતા. જસ્ટિસ નીના બંસલ ક્રિષ્ના અને જસ્ટિસ અમિત શર્માની ડિવિઝન બેન્ચે સુનીતા કેજરીવાલ અને અન્યો વિરુદ્ધ વિડિયો કોન્ફરન્સિંગ નિયમોના કથિતપણે ઉલ્લંઘન કરવા બદલ જાહેર હિતની અરજી પર નોટિસ જારી કરી હતી.

કોર્ટે સોશિયલ મીડિયા પ્લેટફોર્મને તે દિવસે રેકોર્ડ કરાયેલ વિડિયો ધરાવતી કોઈપણ સંબંધિત પોસ્ટ અથવા રિપોસ્ટને દૂર કરવાનો પણ નિર્દેશ આપ્યો હતો. આ મામલાની વધુ સુનાવણી 9મી જુલાઈના રોજ રાખવામાં આવી છે.

## *HYDERABAD-GRADUATION CEREMONY*

હવાઈ દળના વડા, એર ચીફ માર્શલ વી.આર. ચૌધરીએ આજે નવા કમિશન્ડ ફ્લાઈંગ ઓફિસરોને સંબોધન કર્યું હતું..તેમણે  સાયબર સેક્ટરમાં નવી ટેક્નોલોજીને અપનાવવા અને યુદ્ધ જીતવા માટે કુશળતાનો અસરકારક ઉપયોગ કરવા જણાવ્યું હતું.

હૈદરાબાદ નજીક ડુંડીગલ એરફોર્સ એકેડેમી ખાતે કમ્બાઈન્ડ ગ્રેજ્યુએશન પરેડ બાદ તેમને સંબોધતા એર સ્ટાફના વડાએ કહ્યું કે આધુનિક યુદ્ધ હવે ભૌતિક નથી અને તેમાં સાયબર ટેક્નોલોજી નિર્ણાયક ભૂમિકા ભજવે છે.

એર સ્ટાફના વડાએ ફ્લાઈંગ અને ગ્રાઉન્ડ ડ્યુટી શાખાઓના તાલીમ પૂર્ણ કરનારા લગભગ 200 ફ્લાઈટ કેડેટ્સને કમિશન્ડ કર્યા હતા. ભારતીય નૌકાદળ અને ભારતીય કોસ્ટ ગાર્ડના નવ-નવ અધિકારીઓ ઉપરાંત મિત્ર દેશોના એક અધિકારીએ પણ એકેડેમીમાં તાલીમ પૂર્ણ કરી છે.

અગાઉ, એર સ્ટાફના વડાએ સંયુક્ત ગ્રેજ્યુએશન પરેડની સમીક્ષા કરી હતી